# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

**ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.**

**અખબારી યાદી** **૩૦-૯-૨૦૧૦**

વિધાનસભાના અધ્યક્ષ સ્વ.શ્રી અશોકભાઇ ભટ્ટને શ્રધ્ધાંજલિ આપતાં ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, વિધાનસભાએ એક પીઢ, અનુભવી અને મુરબ્બી એવા મુઠી ઉંચેરા માનવીને ગુમાવ્યા છે. સ્વ.શ્રી અશોકભાઇ ભટ્ટની વિરોધપક્ષના સભ્ય તરીકેની તથા ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકેની કામગીરી ગુજરાત વિધાનસભાના ઇતિહાસમાં ચિરંજીવી બની રહેશે. વિરોધપક્ષના એક સભ્ય તરીકે પણ સ્વ.શ્રી ભટ્ટે સતત જાગૃત અને લડાયક સભ્ય તરીકે વિધાનસભા ગૃહમાં પોતાની ફરજો અદા કરી હતી. વિરોધપક્ષનો અવાજ આક્રોશપૂર્ણ રજુ કરવામાં સ્વ.શ્રી ભટ્ટે એક આગવી પ્રણાલિકા પ્રસ્થાપિત કરી હતી. વિધાનસભાના અધ્યક્ષ તરીકે ગૃહને વધારેમાં વધારે સમય કેમ મળે તેની સતત ચિંતા સ્વ.શ્રી ભટ્ટ કરતાં હતાં. વિધાનસભામાં સભ્યોના બિન સરકારી કામકાજને વધુ તક આપવા માટે પણ સ્વ.શ્રી ભટ્ટના હંમેશા પ્રયત્નો હતાં. સ્વ.શ્રી ભટ્ટ વિરોધપક્ષ સાથે અંગત સબંધો અને સંવાદ જાળવી રાખવામાં હંમેશા તત્પર રહેતાં હતાં. વિધાનસભાના અધ્યક્ષ તરીકે કોઇક નિર્ણય થઇ ગયા પછી તેઓશ્રીને પોતાને એમ લાગે કે આ નિર્ણય પ્રણાલિકાઓ અને નિયમો સાથે સુસંગત નથી તો નિખાલસતાથી વિરોધપક્ષને બોલાવી અને દિલગીરી વ્યક્ત કરતાં પણ સ્વ.શ્રી ભટ્ટ કયારેય ખચકાતાં નહોતાં. આ તેમની નિખાલસતાનું ઉત્તમ સ્વરુપ વિધાનસભાને હંમેશા સાલતું રહેશે.

---

પ્રતિ,
તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિદ્ધ કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(જે. જે. રસાણીઆ)**
અંગત મદદનીશ